# મેલેરિયા, ડેન્ગ્યુ અને ટાઈફોઈડના કેસો વધતાં આરોગ્યતંત્ર હરકતમાં

## સઘન સર્વેલન્સ અને એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવી : ૨૦૬ તાવના દર્દીઓ શોધી લોહીના નમૂના લેવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં એક તરફ કોરોનાનું સંક્રમણ ઘટ્યુ છે ત્યાં વાહકજન્ય રોગચાળાએ જે રીતે માથુ ઉંચક્યુ છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર સિવિલમાં છેલ્લા એક સપ્તાહમાં જ મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા ઉપરાંત ટાઈફોઈડના દર્દીઓ તેમજ વાઈરલ ફિવરના દર્દીઓની સંખ્યા વધવા પામી છે.

શહેરી મેલેરિયાતંત્રએ આજે શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ૬૧ ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવી છે. આ ટીમોએ આજે ૯૧૧૫ ઘરોની મુલાકાત લઈ અને ૧૩,૫૬૯ પાત્રોની ચકાસણી કરી હતી જેમાં ૪૬૬ પાત્રોમાં મચ્છરોના પોરા જોવા મળતાં તાત્કાલિક પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે ટીમોએ સર્વેલન્સ દરમ્યાન ૨૦૬ જેટલા તાવના કેસ શોધી કાઢ્યા હતા અને તે તમામ દર્દીઓના લોહીના નમૂના મેળવી પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

તંત્રની ટીમોએ આજે ૩૮ જેટલી બાંધકામ સાઈટો, ૧૪ શાળાઓ તેમજ ૩૦ થી વધુ જી.આઈ.ડી.સી.ના એકમોમાં પણ ચકાસણીની કામગીરી કરી હતી જે પૈકી ૮ ને નોટીસ થમાવી દેવામાં આવી છે.

શહેરમાં ચિકનગુનિયાના માઈલ્ડ અસરો ધરાવતા દર્દીઓ મળ્યા હોવાનું તંત્રના સૂત્રોએ આડકતરો એકરાર કર્યો છે. શહેરમાં વાઈરલ ફિવરના કેસો પણ વધ્યા છે એટલુ જ નહિ મેલેરિયા તેમજ ડેન્ગ્યુના કેસો પણ વધ્યા છે. જો કે આ વખતે ડેન્ગ્યુના કેસો મેલેરિયાની તુલનામાં થોડાક વધારે જોવા મળી રહ્યાનું પણ આ સૂત્રોએ સ્વીકાર્યુ છે. તંત્રએ સઘન સર્વેલન્સ વાહકજન્ય રોગચાળાને લઈ બનાવી દીધુ છે તેમજ એન્ટી લારવેલની કામગીરીને પણ વેગીલી બનાવી છે.



પુનઃ થાળે પડી રહેલા ધંધા-રોજગારથી ઉત્સાહની ''ફરકડી''..!!!

કોરોના મહામારીમાં રાહતનો સમય ચાલી રહ્યો છે, સંભવિત ત્રીજી લહેરની આશંકા વચ્ચે અત્યારે તો જનજીવન રાબેતામુજબ થાળે પડેલું અનુભવાઈ રહ્યું છે જેના કારણે રોજેરોજ મહેનત કરીને રોજનું પેટીયું રળતાં શ્રમજીવીઓ તેમના ધંધા-રોજગાર ફરી શરૂ થતાં ઉત્સાહપૂર્વક કામે વળગ્યાં છે. ગાંધીનગરના સેક્ટર-૨૧માં સિનેમા ફરી શરૂ થતાં બાળકો માટે પોતાના હાથેથી બનાવેલી કાગળની ફરકડી વેચવા છેક અમદાવાદથી આવતો રાકેશ બૈરાગી નામના આ શ્રમજીવીનો જ રોટલો કમાવાની ધગશ અને તે માટે ફરી સર્જાયેલા સાનુકૂળ વાતાવરણના ઉત્સાહની ચમક જોવા મળી રહી છે, આપણે આ પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન ભોળાનાથને પ્રાર્થના કરીએ કે શ્રમજીવીઓના ચહેરા પર આવેલો આ નિખાર જળવાઈ રહે અને બાળકો પણ વિના ફિકરે તેમની ''ફરકડી''નો આનંદ માણતા રહે.

# માણસામાં આરોગ્ય કર્મયોગી જ કોરોનામાં સપડાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દસ દિવસ બાદ કોરોનાનો એક કેસ નોંધાતા તંત્ર સતર્ક બની ગયુ છે. શહેરમાં આજે સતત ત્રીજે દિવસે પણ કોરોનાનો એકેય કેસ નોંધાયો નથી.

ગાંધીનગર જિલ્લાના માણસા અર્બનમાં એક ૨૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ કર્મયોગી આરોગ્યતંત્રમાં જ ફરજ બજાવે છે. માણસા તાલુકામાં આજે નોંધાયેલા કેસને પગલે તંત્ર સતર્ક બની ગયુ છે. જિલ્લાતંત્રએ આ કેસને પગલે સઘન સર્વેલન્સની તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ એક દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્રની યાદીમાં જણાવ્યા પ્રમાણે ૬૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારોમાં સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન અસરકારક રીતે થાય તેમજ ટેસ્ટીંગનું પ્રમાણ વધારવાની પણ સૂચનાઓ આપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં સતત ત્રીજે દિવસે કોરોનાનો કેસ નોંધાયો નથી તેથી તંત્રએ થોડીક રાહત લીધી છે. શહેરમાં ૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં તમામ અધિકારીઓને સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા સાથે સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અસરકારક અમલવારી પર ધ્યાન કેન્દ્રીત કરવા કહેવામાં આવ્યુ છે.

# રાષ્ટ્રીય સેવા યોજના એકમ સાદરા દ્વારા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૯

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આઝાદી મહોત્સવ અંતર્ગત જિલ્લા આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી. શરૂઆત સંગીત ટૂકડી દ્વારા પ્રાર્થના, ભજનથી કરી. ડૉ. મોતીભાઈ દેવુએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. એમ.એ.ના વિદ્યાર્થીની મિલ્કા હિલીમ અને હેમાની ચૌધરી દ્વારા ડાંગી બોલી અને તેનું ભાષાંતર રજૂ કર્યુ. મિલ્કા હિલીમ આદિવાસી સંસ્કૃતિ વિષય પર રજૂઆત કરી હતી. અધ્યાપક બળદેવભાઈ મોરી 'આદિવાસી તત્વ, સત્વ અને લોકભાષા વિષય પર વાર્તાલાપ કર્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે સંકુલ સંયોજક રમેશભાઈ મ. પટેલે આદિવાસી સંસ્કૃતિ અને વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીનું મહત્વ વિશે રસપ્રદ વાત કરી હતી. મિલ્કા હિલિમે અમે આદિવાસી, અમે ડુંગરવાસી ગીત રજૂ કર્યુ હતુ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. દિવ્યેશ ભટ્ટે આભાર દર્શન કર્યુ હતુ. કાર્યક્રમનું સંચાલન ડૉ. મોતી દેવુંએ કર્યુ હતુ.



નિરજ ચોપડાની જીતના ગાંધીનગર કોર્ટેના વકીલોએ વધામણા કર્યા હતા. બાર કાઉન્સિલના વાઈશ ચેરમેન શંકરસિંહ ગોહીલ, ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ લાલસિંહ ગોહીલ, ધર્મેન્દ્ર રાવલ, બી આર શર્મા, રમેશ ભાઈ પટેલ, પ્રવિણસિંહ રાઠોડ , એસ એમ રાઠોડ, દિનેશ ઠાકોર , દીલીપ ઠાકોર સહીતના વકીલોએ આંતશબાજી કરીને મોં મીંઠુ કરીને નિરજ ચોપડાના જીતની ઉજવણી કરી હતી.

# પાંચ વર્ષ આદિવાસીઓના સર્વાંગી વિકાસનાં : રૂપાણી

## વિશ્વ આદિવાસી દિને નર્મદા જિલ્લાના રાજપીપલા ખાતેથી આદિવાસી વિસ્તારોમાં ૧૭૦૦ કરોડના ૨૮૯ વિકાસકામોની ભેટ ધરતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રીએ આજે નર્મદા જિલ્લાના રાજપીપલાથી વિશ્વ આદિવાસી દિવસના અવસરે રાજ્યના ૫૪ આદિજાતિ તાલુકાઓમાં રૂ. ૧૭૦૦ કરોડના ૨૮૯ વિકાસકામોનો પ્રારંભ, લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાવ્યા હતા.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે જણાવ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં અમારી સરકારે સમાજના દરેક વર્ગ, દરેક ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવવા માટે સર્વગ્રાહી પ્રયાસો આદર્યા છે.

તેમણે ઉમેર્યું કે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસનો પાયો મજબૂત કરી દેશમાં વિકાસની રાજનીતિની શરૂઆત કરાવી છે.

તેમણે કહ્યું કે અમારી સરકારે આદિવાસી બાંધવોને ખોટા વાયદા વચનો નહી, પરંતુ વનબંધુ કલ્યાણ જેવી મહત્વાકાંક્ષી યોજનાના નક્કર અમલીકરણ દ્વારા આદિવાસીઓને મુખ્ય પ્રવાહમાં જોડી આદિવાસી વિસ્તારોનો સમતુલિત અને સમુચિત વિકાસ કર્યો છે.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે રૂ. ૯૦હજાર કરોડના વિકાસકામો શરૂ કરાવ્યા હતા.

છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં રૂ. ૬૦ હજાર કરોડના વિકાસ કામો કરવામાં આવ્યા છે. તેમ જણાવતા તેમણે ઉમેર્યું કે વનબંધુ કલ્યાણ યોજના ફેઝ-૨ માં આગામી પાંચ વર્ષમાં રાજ્યના આદિવાસી વિસ્તારોમાં રૂ.એક લાખ કરોડના વિકાસ કામો હાથ ધરવામાં આવશે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજપીપલા નજીક જીતનગર ખાતે અંદાજે રૂ.૩૪૧ કરોડના ખર્ચે ૩૯ એકર વિસ્તારમાં નિર્માણ થનાર બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીનું ખાતમુહૂર્ત કરવા સાથે રૂ. ૪૮૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલ ૧૯૯ વિકાસ કામોનું લોકાર્પણ તથા રૂ.૧૨૨૨ કરોડના ૯૦ કામોના ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા. મુખ્યમંત્રીએ હળપતિ તથા વ્યક્તિગત આવાસ યોજના, ધિરાણ યોજના, માનવ ગરિમા યોજના, વન ધન વિકાસ યોજના, કૃષિ કિટ વિતરણ યોજના, વન અધિકાર અધિનિયમ તથા સિકલસેલ અને ટી.બી.ના દર્દીઓને તબીબી સહાય યોજના મળીને કુલ ૨૩,૦૦૦થી પણ વધુ લાભાર્થીઓને રૂ. ૮૫ કરોડ થતા આદિજાતિના અંદાજિત પાંચ લાખ વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ રૂ. ૮૦ કરોડના લાભોનું વિતરણ કર્યુ હતું.





અભિનંદન



ઋષિકેશ રાવલ

આપને ભારત સરકાર દ્વારા રાષ્ટ્રગાન અભિયાન સંદર્ભે મળેલ પ્રમાણપત્ર બદલ અમારા હાર્દિક અભિનંદન.

હર્ષદ જયંતિભાઈ રાવલ

# ગાંધીનગર ડેપોને નવી ૨૫ બસો ફાળવવામાં આવશે

## ડેપોને પ્રથમ તબક્કામાં બે નવી બસો મળી : શહેરી બસ સેવાના રૂટમાં નવી બસો દોડાવાશે

ગાંધીનગર તા ૯

ગાંધીનગર એસ ટી ડેપોને નવી ૨૫ બસો ફાળવવામાં આવશે. વાતાવરણમાં પ્રદુષણ ન ફેલાય તે માટે નવા બી એસ સિક્સ એન્જિનવાળી બસો ડેપોને તબક્કાવાર ફાળવવામાં આવશે હાલના તબક્કે ડેપોને નવી બે બસો ફાળવવામાં આવી છે. જે ગાંધીનગર અમદાવાદ વચ્ચેના શહેરી બસ સેવાના રૂટમાં દોડાવાશે.

ગાંધીનગર એસ ટી ડેપોને નવી બે બી એસ સીકસ બસો ફાળવવામાં આવી છે. હજુ આગામી દિવસોમાં તબક્કાવાર નવી ૨૫ બસો ફાળવવામાં આવશે. હાલની સ્થિતિએ ડેપોમાં કુલ ૫ બી એસ સિકસ બસ દોડે છે. પ્રદુષણ મુક્તિના અભિગમ સાથે ડેપોમાં ધીમે ધીમે બધી બસો બદલીને નવી ટેકનોલોજી ધરાવતા એન્જિનની જોવા મળશે. ગાંધીનગર ડેપો દ્વારા આ નવી બસો હાલ શહેરી બસ સેવાના રૂટમાં દોડાવાશે અલબત્ત ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટમાં આ બસો દોડશે. ગાંધીનગર ડેપોને તબક્કાવાર અન્ય નવી બસો પણ ફાળવવામાં આવશે. શહેરી બસ સેવાના રૂટમાં પ્રદુષણની માત્રા ઘટાડવા માટે આ પ્રકારની બસોની સંખ્યા વધારાશે. જયારે હાલ શહેરી બસ સેવા અન્વયે દોડતી બસો ગ્રામ્ય રૂટો માટે ફાળવી દેવાશે. ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના અધ્ધરતાલ છે. એસ ટી ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓનો ભારોભાર અભાવ છે. ત્યારે બીજીતરફ એસ ટી ડેપોના રીનોવેશનની કામગીરી પણ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. ડેપો સંકુલમાં પોલીસ ચોકી પણ કાર્યરત નથી. જેના લીધે મુસાફરો તસ્કરીનો ભોગ બની રહ્યા છે. આ ઉપરાંત સી સી કેમેરા પણ ઘણાં સમયથી બંધ હાલતમાં છે. આ સ્થિતિ ધ્યાને લઈને નવી બસો ફાળવવા સહીત મુસાફરોની સલામતીને ધ્યાનમાં રાખીને જરૂરી પગલા લેવાય તેવી પણ માંગણી ઉઠવા પામી છે. એસ ટી બસમાં કીલોમીટર પુરા થઈ ગયા હોય તેવી બસો બદલાશે.

## ચિંતામાં વધારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કપાસમાં ચૂસિયા પ્રકારની જીવાતોનો ઉપદ્રવ જોવા મળ્યો છે તો મગફળીના પાકમાં ક્યાંક-ક્યાંક સુકારો જોવા મળી રહ્યો છે. શાકભાજીના પાકોમાં પણ સુકારો જોવા મળી રહ્યાનું જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા ખેડૂતોને માર્ગદર્શન આપવા ગોષ્ઠીઓનું આયોજન થઈ રહ્યુ છે. જો કે દવાના છંટકાવ પછી પાકમાં જીવાતોના ઉપદ્રવને નાથી શકાશે પણ પાક-ઉત્પાદનમાં સુકારાની વિપરીત અસરો ખેડૂતોને સતાવી રહી છે.

આ વર્ષે કૃષિક્ષેત્રમાં ખરીફ પાકમાં ભારે નુકશાનની આશંકાઓ વ્યક્ત થઈ રહી છે.

## માર્ગ બ્લોક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરગાસણથી સીધા સર્વિસ રોડ પર વાહનવ્યવહાર થઈ શકે તેવી વ્યવસ્થા છે. આ ઉપરાંત ગુડાના સર્વિસ રોડનુ બાકી કામ પણ પુર્ણ થઈ જશે જેથી આગામી દિવસોમાં સર્વિસ રોડ પરનો વાહનવ્યવહાર પણ સરળ બનશે. હાલની સ્થિતિએ ગ માર્ગ પરથી નિકળીને સર્વિસ રોડ પર થઈને ઘ-૦ બ્રિજ નીચેથી પસાર થઈ મુખ્યમાર્ગ પર આવતા વાહનચાલકોમાં આ વાતનો ભારોભાર રોષ છે. પરંતુ ફ્લાય ઓવરનો મિટીંગ પોઈન્ટ હોવાના લીધે ગ -૦ પાસેનો રસ્તો બ્લોક કરી દેવાયો છે.

## અનામત બિલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્ર સરકારે આજે લોકસભામાં ઓબીસી અનામત સંબંધિત મહત્વનું બિલ રજૂ કર્યું હતું. આ બિલ પસાર થયા બાદ હવે રાજ્યોને પોતાની ઓબીસી યાદી બનાવવાનો અધિકાર મળશે. ૧૨૭ મા બંધારણીય સુધારા બિલ દ્વારા રાજ્યોને તેમના અનુસાર ઓબીસી યાદી તૈયાર કરવાનો અધિકાર હશે.

તેમજ, કોંગ્રેસ સહિત ૧૫ મોટા વિરોધ પક્ષોએ આ બિલ રજૂ કરતા પહેલા આ બાબતે ચર્ચા બેઠક કરી હતી. આજે યોજાયેલી આ બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે અન્ય પછાત વર્ગ (ઓબીસી) ને લગતા સુધારાઓ બિલને પાસ કરવામાં વિપક્ષ સંપૂર્ણ ટેકો આપશે. બેઠક બાદ રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, અમે બધા આ સુધારા બિલને ટેકો આપીશું.

ખડગેએ કહ્યું કે અન્ય મુદ્દાઓ તેમની જગ્યા ધરાવે છે, પરંતુ આ મુદ્દો દેશના હિતમાં છે કારણ કે દેશની અડધીથી વધુ વસ્તી સાથે સંબંધિત છે આ બિ. અમે તેને સંપૂર્ણ સમર્થન આપીશું.

આ બિલ કાયદામાં ફેરવાઈ જવાનો એ રાજ્યોમાં પ્રભાવશાળી જાતિઓને ફાયદો થશે જ્યાં ઓબીસી અનામતમાં સામેલ થવાની માંગણી સતત થઈ રહી છે. જેમ કે મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાય અને હરિયાણામાં જાટ સમુદાય, ગુજરાતમાં પટેલ સમુદાય અને કર્ણાટકમાં લિંગાયત સમુદાયને ઓબીસીમાં સામેલ થવાની તક મળી શકે છે.

# આશ્કા હોસ્પિટલનો SME ઈસ્યુ 10 ઓગસ્ટે મૂડીબજારમાં : ભરાય

### ઈસ્યુ વિગત

**આશ્કા હોસ્પિટલ**

| | |
|---|---|
| ઈસ્યુ ખુલશે | ૧૦ ઓગસ્ટ |
| બંધ થશે | ૧૩ ઓગસ્ટ |
| આઈપીઓ પ્રાઈસ | રૂ. ૧૨૧ |
| ફ્રેશ ઈસ્યુ | રૂ.૧૦ |
| લીસ્ટીંગ | બીએસઈ-એસએમઈ |
| ઓફર ફોર સેલ | રૂ. ૩૬.૩૦ કરોડ (૩૦ લાખ શેરો) |
| ફ્રેશ વેલ્યુ | રૂ. ૬૫.૩૪ કરોડ (૫૪ લાખ શેરો) |
| મીનીમમ અરજી | ૧૦૦૦ શેરો |
| મીનીમમ ભરવાની રકમ | રૂ. ૧૨૧,૦૦૦ |





### આશ્કા હોસ્પિટલ : મજબૂત પાસા

- કંપની કવોલીટી હેલ્થકેર સર્વીસીસ પૂરી પાડવા પ્રોફેશનલ, અનુભવી બેસ્ટ કવોલીટી ટીમ અને સ્ટાફ ધરાવે છે.
- સ્ટ્રોંગ બ્રાન્ડ નામ સાથે લાંબા સમય સુધી અગ્રણી પ્લેયર રહી છે.
- આશ્કા હોસ્પિટલ ૨૦૦ બેડની ક્ષમતા સાથેની કેર હોસ્પિટલ છે. અને ગુજરાતમાં આગવી નામના ધરાવે છે.
- હોસ્પિટલમાં એ જ હેઠળ વિવિધ પ્રકારના હેલ્થકેર પ્રોબ્લેમ દૂર કરવા માટે તમામ હેલ્થકેર સર્વીસ પૂરી પાડે છે.
- નેશનલ મેડીડેટેડ બોર્ડ ઓફર હોસ્પિટલે આસ્કા હોસ્પિટલ માન્યતા ધરાવે છે.
- હોસ્પિટલ અદ્યતન સાધનોની સુજ્જ છે.
- કંપની આગામી બે વર્ષમાં ૩૫ હોસ્પિટલ સામે સ્ટ્રેટેજીક ટાઈઅપ કરનાર છે.
- છેલ્લા ૩ વર્ષમાં કંપનીની આવક તથા નફામાં ઉતરોત્તર વૃદ્ધિ થઈ રહી છે.

૨૦૧૨માં સ્થપાયેલ આ ગુજરાત સ્થિત આશ્કા હોસ્પિટલ લિ. ઈન્ટીગ્રેટેડ હેલ્થકેર સર્વીસ પ્રોવાઈડર કંપની છે. જે બેસ્ટ કવોલીટીની હેલ્થકેર સવલતો સાથે બેસ્ટ ટ્રીટમેન્ટ પૂરી પાડતી અગ્રણી હોસ્પિટલ છે. કંપની કાર્ડીલોજી, ન્યુરોલોજી, ન્યુરો સર્જરી, ઓર્થોપેડીક્સ, પીડીયાટ્રીક સર્વીસીસ, રેડીયોલોજી, ડેનટીલ્ટરી અને જીનો વિગેરે હેલ્થકેર સર્વીસ પૂરી પાડે છે. કંપની અલ્ટ્રા મોર્ડન મેડીકલ પ્રેકટીસીસ તથા મેડીકલ, સર્જીકલ કેર સોલ્યુશન, કોવિડ-૧૯ વિગેરે મો સ્ટેટ ઓફ ધ પાર્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર ધરાવે છે. કંપનીએ કોવીડ-૧૯ માટે ઈન્ફ્રાસ્ટ્રકચર ધરાવે



છે. કંપની કોવીડ-૧૯ માટે ટ્રીટમેન્ટ હોસ્પિટલ ઉભી કરીને ૨૦૦૦ થી વધુ દર્દીઓને સારવાર આપી છે. આ કંપની બિપીનચંદ્ર શાહ દ્વારા પ્રમોટ કરાઈ છે. કંપની નેશનલ એક્રીડેશન બોર્ડ દ્વારા હોસ્પિટલ અને હેલ્થકેર પ્રોવાઈડર્સ માટે સર્ટીફીકેટ ધરાવે છે. તથા આયુષ્યમાન ભારતનો એક ભાગ છે. કંપની રૂ. ૧૦ની કિંમતના કુલ ૮,૪૦૦,૦૦૦ ઈક્વીટી શેરો રૂ. ૧૨૧ના ભાવે ઓફર ૧૦ ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશી રહી છે અને ઈસ્યુ ૧૩ ઓગસ્ટે બંધ થશે. કંપની ઈસ્યુ મારફતે ૧૦૧.૬૪ કોરડ ઉભા કરશે. જેનો ઈસ્યુ દ્વારા ૩૦૦૦,૦૦૦ શેરો ઓફર કરી ૩૬.૩૦ કરોડ બંધ થશે. કંપનીના શેરોને બીએસઈ-એસએમઈ ખાતે લીસ્ટ કરાશે. આ ઈસ્યુમાં ઓછામાં ઓછા ૧૦૦૦ શેરો માટે ૧૨૧૦૦૦ મારફત ૫૪૦૦,૦૦૦ ઈક્વીટી શેરો ઓફર કરી ૬૫.૩૪ કરોડ અને ઓફર ફોર સેલ અને ૨ લાખની મર્યાદમાં ૧૦૦૦ શેરો માટે ૧૨૧૦૦૦ ભરવાના છે.

કોરોના મહામરીને કારણે સર્વીસીસ પૂરી પાડતી હોસ્પિટલની માંગ વધી ગઈ છે. કંપની અનુભવી ટીમ દ્વારા પ્રોફેશનલ કાર્યરત છે. પ્રમોટરોને અને કંપનીની કામગીરીનો રેકોર્ડ જોતા આ એસએમઈ ઈસ્યુમાં રોકાણની તક ઝડપી લેવાય. લીસ્ટેડ હોસ્પિટલ કંપનીઓના શેરોમાં ઉચું વળતર મળી રહ્યું છે. આ ઈસ્યુમાં રોકાણ કરાય.

### કંપની પરિણામો પર એક નજર (લાખમાં)

| વિગત | ૩૧ માર્ચ ૨૦૨૧ | ૩૧ માર્ચ ૨૦૨૦ | ૩૧ માર્ચ ૨૦૧૯ |
|---|---|---|---|
| કુલએસેટ | ૬૫૦૮.૧૪ | ૬૦૦૪.૭૩ | ૫૪૦૫.૧૮ |
| કુલઆવક | ૪૦૬૯.૨૩ | ૨૯૨૫.૧૪ | ૨૭૭૨.૫૫ |
| નેટનફો | ૪૧૧.૩૯ | ૧૩૭.૯૧ | ૧૩૬.૨૭ |